૨૧, ફેબ્રુઆરી ૨૦૨૩

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના આગામી રજુ થનાર વર્ષ ૨૦૨૩–૨૪ ના બજેટ અંગેના સુચનો રાજય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવેલ...**

રાજય સરકારનું આગામી વર્ષ ૨૦૨૩–૨૪ નું બજેટ રજુ થનાર હોય, વેપાર–ઉદ્યોગકારોના વિકાસને ધ્યાને લઈ તેઓને પડતી મુશ્કેલીઓ તથા કાયમી નિરાકરણ આવે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સમક્ષ નીચે મુજબના બજેટમાં સમાવવા માટે સુચનો મોકલવામાં આવેલ.

**(૧) "વન નેશન વન ટેક્ષ" ને ધ્યાનમાં રાખીને GST અમલીકરણ થયેલ હોય ગુજરાત રાજય માંથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવો.**

સમગ્ર દેશમાં તમામ ટેક્ષનો એકજ ટેક્ષ કરવાના નિર્ણયના ભાગરૂપે GST નું સરળીકરણ કર્યુ જે સરાહનીય છે. વન નેશન વન ટેક્ષને ધ્યાને લઈ ગુજરાત રાજયમાંથી વેપાર–ઉદ્યોગ પરનો વ્યવસાય વેરો સંપર્ણ પણે નાબુદ કરવો. બજેટમાં સરકારશ્રીએ રૂા.૧૫૦૦૦ હજાર સુધીનાં પગારદાર લોકોને વ્યવસાય વેરા માંથી મુકતી આપી છે. જેની રકમ આશરે રૂા.૧૯૮ કરોડ થાય છે અને સમગ્ર ગુજરાતની કુલ આવક માત્ર રૂા.૩૦૦ કરોડ થાય છે તો માત્ર રૂા.૧૦૨ કરોડની આવકની રીકરવી કરવામાં મહાનગરપાલિકા અને નગરપાલિકાની સ્ટેશનરી, મસીનરી તેમજ અધિકારીઓનો અંદાજીત ખર્ચ ૩૦૦ થી ૩૫૦ કરોડનો થાય છે. તેમજ અધિકારીઓ રીકવરી માંથી ફ્રી રહેતા નથી જેથી બીજા કામોમાં પણ વિલંબ થાય છે. તો સમગ્ર ગુજરાત રાજયમાં વ્યવસાય વેરો નાબુદ કરવા અનુરોધ છે.

**(૨) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા અંગે.**

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા માટે રાજકોટ ચેમ્બરની માંગણી ઘણા સમયથી પેન્ડીંગ છે. પુર્વ મુખ્યમંત્રીશ્રીએ પણ આ માંગણીનો સ્વીકાર કરેલ હોય તેમજ અંદાજે આશરે ૩ર એકર જગ્યા નું સ્માર્ટ સીટી એરીયામાં પ્રોવીઝન કરેલ હોય આપશ્રી આ અંગે તાત્કાલીક નિર્ણય લઈ સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગને વધું વેગવંતુ બનાવવા અમારી માંગણી સ્વીકારી રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવી યોગ્ય કરશોજી. આ પ્રશ્ન અતી આવશ્યક હોય તાત્કાલીક અસરથી ઘટતું કરવા અનુરોધ છે.

**(૩) રાજકોટ ખાતે ઈનલેન્ડ કન્ટેઈનર ડેપો (ICD) સ્થાપવા અંગે.**

રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ ઘણી એમ.એસ.એમ.ઈ. ઈન્ડસ્ટ્રીઝ સ્થપાયેલ હોય રાજકોટ ખાતે ઈનલેન્ડ કન્ટેઈનર ડેપો (ICD) સ્થાપવા માટેની અમારી માંગણી સ્વીકારી યોગ્ય કરશોજી. જેથી નિકાસકારોના ઉદ્યોગમાં ફાયદો થાય અને સૌરાષ્ટ્રના ઉદ્યોગોને વધુ વેગ મળી શકે.

**(૪) રાજકોટ ખાતે ડિફેન્સ એરોસ્પેશ ઈન્ડસ્ટ્રી સ્થાપવા બાબત.**

આંતરરાષ્ટ્રિય કંપનીઓ ભારત ખાતે ડિફેન્સ એરોસ્પેશને લગતી ઉત્પાદકીય પ્રવૃતિઓ જેમ કે, એરપ્લેન, એરોસ્ટ્રકચર્સ, કમ્પોનેન્ટસ, સિસ્ટમ એસેમ્બલી વિગેરેને વેગવંતી બનાવેલ છે. અમોને દ્રઢ વિશ્વાસ છે કે રાજકોટ આવી ડિફેન્સ સલંગ્ન ઉત્પાદકીય એકમોને સંપુર્ણતઃ અને સર્વથા ઉપયોગી થાય તે માટેની તમામ લાયકાતો તથા સુવિધાઓ ધરાવે છે. ફાયદાકારક નીચી ઉત્પાદન કિંમતો,

પુરતી ઉત્પાદકીય વિદ્ધવતા તથા પ્રાપ્તીને કારણે રાજકોટ આ માટે અતિ પસંદગીનું સ્થળ બની શકે તેમ છે. આપશ્રી વિદીત છો તે મુજબ રાજકોટ ઓટો પાર્ટસના ઉત્પાદનનું હબ ગણાય છે અને ખુબ જ નજીકમાં આવેલ જામનગરના બ્રાસ પાર્ટસ ઉત્પાદનો સાથે મળીને ઉપરોકત દરખાસ્તને સંપુર્ણ પણે સિધ્ધ કરી શકે તેમ છે. આથી તમામ સંજોગોને ધ્યાને રાખી રાજકોટ ખાતે ડિફેન્સ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી સ્થાપવા અનુરોધ કરીએ છીએ. સાથોસાથ જમીન મેળવવામાં ગુજરાતનાં કોસ્ટલ વિસ્તારનાં તમામ લાભ રાજકોટ જીલ્લાને મળે તો જબરદસ્ત વિકાસ થઈ શકે તેમ છે.

**(૫) ગુજરાતમાં ઉદ્યોગકારોને GIDC ની જમીન ૫૦% રાહત દરે આપવા અંગે.**

ગુજરાતમાં ઘણી બધી MSME ઈન્ડસ્ટ્રીઝ સ્થપાયેલ હોય તેમજ MSME ની મર્યાદા આશરે ૫૦ કરોડ સુધી વધારેલ હોય પ્લોટ ફાળવણીમાં પણ મર્યાદા વધારવી જોઈએ અને તેને ધ્યાનમાં લઈને GIDC માં ૩૦૦૦ ચો.મી.ને બદલે જો ૬૦૦૦ ચો.મી. જમીન ઉદ્યોગકારોને ૫૦%ના દરે આપવી. જેથી ઉદ્યોગોનો સારો એવો વિકાસ થશે અને એમ.એસ.એમ.ઈ. સેકરટને બુસ્ટ મળશે.

વધુમાં રાજકોટ ઔદ્યોગીક હબ હોવાને કારણે વેપાર–ઉદ્યોગને માટે મોટી GIDC બનાવવી ખુબ જરૂરી છે. તેથી દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ વધારવો જરૂરી છે. હાલ દેવગામ–ખીરસરાની સામે છાપરા ગામમાં ૧૦૦ હેકટર જેટલી ખરાબાની સરકારી જમીન આવેલ છે. તેમજ ૧૦૦ હેકટર ગૌચરની જમીન છે તેવું અમારા ધ્યાનંમા આવેલ છે. તેથી અગાઉ અમારી માંગણી ૩૪૧ હેકટર માંથી માત્ર ૯૧ હેકટરમાં જ GIDC બનતા હજી ૨૫૦ હેકટર જેટલી જમીન ખાલી પડેલ છે. તો ઉપરોકત બન્ને ખરાબાની જમીન ફાળવી દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ આશરે ૫૦૦ હેકટર સુધી કરવા અનુરોધ છે.

સાથો સાથ ઔદ્યોગીક એકમોના વિકાસ માટે GIDC દ્વારા એલોટ કરેલા પ્લોટમાં F.S.I. ૧.૬ માંથી ઘટાડીને ૧ કરેલ છે. તેને બદલી ૧.૬ રાખવી તેમજ ગ્રાઉન્ડ ફલોરમાં નવા જી.ડી.સી.આર મુજબ અમલ કરવા. તે ઉપરાંત GIDC માં ૫૦૦૦ મીટરમાં કોમન પ્લોટની જોગવાઈ રદ કરવી અને બાંધકામમાં ૧૩ મીટર હાઈટમાં વધારો કરવા બાબત.

**(૬) રાજકોટ જીલ્લાના દેવગામ–ખીરસરા ખાતેની GIDC નો વ્યાપ વધારવા બાબત.**

રાજકોટના ઉદ્યોગોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈ રાજકોટ જીલ્લાના દેવગામ–ખિરસરા ખાતે નવી GIDC ફાળવવામાં આવેલ છે. જે GIDC માત્ર ૯૧ હેકટરમાં જ પ્રસ્થાપીત થયેલ છે. અગાઉ રાજકોટ ચેમ્બરની માંગણી ૩૪૧ હેકટરમાં નવી GIDC ફાળવવાની હતી તે પરીપુર્ણ થયેલ નથી.

હાલના ગ્લોબેલાઈઝેશનના જમાનામાં રાજકોટ શહેર ઔદ્યોગીક હબ હોવાને કારણે મોટી GIDC બનાવવી ખુબ જ જરૂરી છે. પરંતુ ૯૧ હેકટરમાં GIDC બને તે ખુબ જ નાની જણાઈ રહી છે અને હાલના ઉદ્યોગોના વિકાસને ધ્યાનમાં રાખતા GIDC નું ક્ષેત્રફળ આશરે ૫૦૦ હેકટરથી ઓછું હોવું જોઈએ નહી એવું અમારૂ સ્પષ્ટ માનવું છે. તેથી ઈન્ડસ્ટ્રીના વધતા જતા વ્યાપને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતેની દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ વધારવો ખુબ જ જરૂરી છે. હાલ દેવગામ–ખીરસરાની સામે છાપરા ગામમાં ૧૦૦ હેકટર જેટલી ખરાબાની સરકારી જમીન આવેલ છે. તેમજ ૧૦૦ હેકટર ગૌચરની જમીન એવું અમારા ધ્યાનમાં આવેલ છે.

જે જગ્યા ખાલી પડેલ છે તેમાં હાલની વેલ્યુશન પ્રમાણે GIDC ખાતા દ્વારા નવી GIDC સ્થાપવી શકય નથી. પંરતુ તેમાં જો સરકાર દ્વારા ઉદ્યોગકારોના હિતને ધ્યાનમાં રાખી કન્શેશન રેટ આપવામાં આવે તો ખુબ જ મોટો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બની શકે તેમ છે. તો આ અંગે ઘટતું કરશોજી.

## (૭) સમગ્ર રાજયમાંથી ટોલટેક્ષને રદ કરવા અંગે.

સ્ટેટ હાઈવેના ટોલ ટેક્ષ રદ હોય અમારી માંગણી છે કે સમગ્ર રાજયમાંથી ટોલટેક્ષ રદ કરવા જોઈએ. રાજયની જનતાએ હાલની સરકારને ચોકકસ બહુમતી આપેલ હોય ત્યારે સમગ્ર વેપારી આલમ તથા પ્રજાની લાગણીને ધ્યાને લઈ આપશ્રીની સરકાર દ્વારા રાજયની જનતાને ખાસ ભેટ આપી રાજયમાંથી ટોલટેક્ષ રદ કરવા અનુરોધ કરીએ છીએ.

## (૮) રાજકોટ ખાતે રૂડાના ચેરમેનની તાત્કાલીક નિમણુંક કરવા અંગે.

રાજકોટ શહેરમાં અંદાજે ૧૭ વર્ષથી રૂડાના ચેરમેનની જગ્યા ખાલી હોય તેનો ચાર્જ શહેરના IAS અધિકારી પાસે હોય તેઓ પોતાના કાર્યભારના અભાવે હાજરી આપી શકતા ન હોય જેથી રાજકોટનો વિકાસ અટકી ગયેલ છે. અમદાવાદ–બરોડા– સુરત–ભાવનગર જેવા શહેરોમાં ચેરમેનો હોય તો રાજકોટને કેમ નહી ? તો માત્ર રાજકોટને જ આ અન્યાય શા માટે ? તેથી રાજકોટ ખાતે રૂડાના ચેરમેનની સત્વરે નિમણુંક કરી યોગ્ય કરશો.

## (૯) સંકલન સમિતિની રચના કરવા અંગે.

કોઈપણ રાજયનો વિકાસ કરવા માટે તમામ મોટા શહેરમાં ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ એસોસીએશનો કાર્યરત છે. ચેમ્બર કાયમી ધોરણે પારદર્શક તેમજ તટષ્ઠતા પૂર્વક કામગીરી કરે છે. અને આમ પ્રજા વેપારીઓ ઉદ્યોગકારો તેમજ સરકારશ્રીને સીધા અને આડકતરી રીતે મદદરૂપ થાય છે. આમ જો રાજકોટમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ના નેજા નીચે વિવિધ એસોસીએશનોને સાથે રાખીને તેમજ કલેકટરશ્રી, પોલીસ કમિશ્નરશ્રી, મ્યુનીસીપીલ કમિશ્નરશ્રી, એમ.ડી. પી.જી.વી..સી.એ.લ તેમજ રૂડા અધ્યક્ષશ્રીની એક સંકલન સમીતીની રચના નામદાર કલેકટરશ્રીની અધ્યક્ષતામાં કરવામા આવે તો ઘણા બધા નાના–મોટા પ્રશ્નોનું સમયસર નિરાકરણ થઈ શકે. તો આ અંગે તાત્કાલીક ઘટતું કરશો.

## (૧૦) GST સંકલન સમિતિની રચના કરવા અંગે.

ગુજરાત રાજય ઈન્ડસ્ટ્રીયલ હબ હોય તેમજ દેશનું ગ્રોથ એન્જીન હોય વધુ વિકાસની સાથોસાથ નાના મોટા પ્રશ્નો ઉદ્‌ભવે આના ઝડપથી નિરાકરણ માટે GST સંકલન સમિતિની તાત્કાલીક રચના કરવી જોઈએ. જેમાં સમગ્ર ગુજરાતની અગ્રગણ્ય ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ એસોસીએશનોને સાથે રાખી દર ત્રણ મહિને થતી GST કાઉન્સીલની મિટીંગ પહેલા ૧૫ દિવસ અગાઉ આ સંકલન સમિતિની મિટીંગ મળે તો મોટાભાગના પ્રશ્નોનું અહિંથી જ આપના અધ્યક્ષ સ્થાનેથી નિરાકરણ થઈ શકે અને રાજયનો વિકાસ વેગવંતો બની શકે. માત્ર નિતીવિષયક નિર્ણયો માટે જ નાણામંત્રીશ્રી GST કાઉન્સીલમાં રજુઆત કરે જેથી GST ના તમામ પ્રશ્નોનું સુખદ સમાધાન આવી શકે. તો તાત્કાલીક અસરથી GST સંકલન સમિતિની રચના કરવા નમ્ર અરજ છે.

**(૧૧) ઔદ્યોગીક વસાહતોમાં તેમજ રહેણાંક વિસ્તારના લોકોને પીવાનું પાણી પુરૂ પાડવા અંગે.**

રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના શાપર–વેરાવળ ગામની આજુબાજુ મોટા પ્રમાણમાં ૩ર હજાર જેટલી ઔદ્યોગીક વસાહતો આવેલ છે. જે રાજકોટ મહાનગરપાલિકાના રૂડા એરીયાની અંદર આવતું હોય તે બન્ને ગામની કુલ વસ્તી અંદાજે ૧.૫ લાખથી પણ વધારે છે ત્યાં ફેકટરીમાં કામ કરતા મજુરો, કારીગરો તથા રહેણાંક વિસ્તારના લોકોને સુધ્ધ પીવાનું પાણી મળી રહે તે બાબતે યોગ્ય કરશોજી.

**(૧૨) વિવિધ ઔદ્યોગીક ઉત્પાદન પર GST દર ઘટાડવા બાબત.**

તાજેતરમાં કેન્દ્રીય નાણામંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ GST કાઉન્સીલની મિટીંગમાં વિવિધ ઔદ્યોગીક ઉત્પાદનો ખાસ કરીને સબમર્શીબલ પંપ, સેન્ટ્રીફ્યુગલ પંપ, ડીપ ટયુબવેલ પંપ, બાઈસીકલ પંપ, અનામ માટેના મીલીંગ મશીનરી તેમજ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પુરી પાડતી કિચનવેર આઈટમો પર GST દર વધારીને ૧૮% કરેલ છે. જેના કારણે સમગ્ર ઔદ્યોગીક ઉત્પાદન કરતા એકમો મૃતપાય હાલતમાં આવી ગયેલ છે. તેમજ કરોડો પરીવારની આજીવીકા ઉપર સીધી અસર પડેલ છે. તો આ અંગે તાત્કાલીક અસરથી ટેક્ષ ઘટાડી યોગ્ય કરવા અનુરોધ.

**(૧૩) વિવિધ GIDC ઓમાં થયેલ ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા માટે ૧૦૦% ઈમ્પેકટ ફી ની જોગવાઈ લાગુ કરવા બાબત.**

રાજય સરકાર દ્વારા તમામ નગરપાલિકા, શહેરી વિકાસ સતા અને નગરપાલિકા વિસ્તારોમાં ગેરકાયદેસર રહેણાંક બાંધકામોને ઈમ્પેકટ ફી વસુલી કાયદેસર કરવા માટેની જોગવાઈ અમલીકૃત કરેલ છે. જે થકી મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને ખુબ જ ફાયદો થશે. તેવી જ રીતે જી.આઈ.ડી.સી.ઓમાં જે ગેરકાયદેસર બાંધકામો થયેલા છે તે કાયદેસર કરવા માટે ૧૦૦% ઈમ્પેકટ ફી ની જોગવાઈ તાત્કાલીક હાથ ધરવા અનુરોધ છે. જેથી ઉદ્યોગકારોને તમામ સુવિધાઓ મળવાપાત્ર થશે અને સરકારશ્રીને પણ રેવન્યુંની આવક ઉભી થશે.

**(૧૪) રાજકોટ ખાતે રામનગર ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના ઔદ્યોગીક એકમોને ધારાધોરણ મુજબની ફી લઈને રેગ્યુલાઈઝ કરવાની માંગણી પેન્ડીંગ હોય તો તે અંગે ઘટતું કરશોજી.**

શ્રી રામનગર ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસીએશન દ્વારા રાજકોટ શહેરના સર્વેનં.૨૧૫ પૈકી જમીન એકર ૧૧–૦૫ ગુંઠાના ઔદ્યોગીક હેતુ માટે નિયમીત કરી આપવા ઘણાં વર્ષોથી માંગણી કરાયેલ છે. જેમાં નાના–મોટા વિવિધ આશરે ૨૫૦ થી વધારે કારખાનાઓ આવેલ છે. તેઓ દ્વારા કલેકટરશ્રીના તા.૨૪–૨–૧૯૯૨ નાં હુકમથી ભવિષ્યમાં ભરવાની દંડની રકમ અન્વયે ઉચ્ચક રકમ સરકારશ્રીમાં ભરપાઈ કરેલ છે. ઉપરાંત સને ૧૯૯૨માં દબાણનાં કેસો ચાલેલ છે. પ્રર્વતમાન બજાર કિંમતની રકમ તેઓ હાલની પરિસ્થિતીએ ભરી શકે તેમ નથી તેથી અગાઉની ૧૯૯૨ની સ્થિતીએ સવાલવાળી જમીનની બજાર કિંમત તેઓ ભરવા સહમત છે. આ બાબતે કલેકટર કચેરી દ્વારા અગાઉ દરખાસ્તો મહેસુલ વિભાગોમાં મોકલેલ છે પરંતુ હજુ કોઈપણ નિરાકરણ થયેલ નથી. સરકારશ્રી દ્વારા ઉદ્યોગોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ત્યારે આવા એકમોનો વધુને વધુ વિકાસ થાય અને તમામ સુવિધાઓ મળવાપાત્ર થાય તે માટે શ્રી રામનગર ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસીએશનના આઉદ્યોગીક એકમોને ધારા ધોરણ મુજબની ફી લઈને નિયમબધ્ધ કરી આપવા અનુરોધ છે.

**(૧૫) રાજકોટ ખાતે તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવા બાબત.**

રાજકોટમાં હાલમાં કાર્યરત તેમજ નવા સ્થપાતા MSME એકમોનો વધુ વિકાસ થાય અને દેશ તથા રાજયના અર્થતંત્રના વિકાસમાં સહભાગી બની શકે તે શુભ આશય સાથે રાજકોટ ખાતે ઓછામાં આછું ૧૦૦૦ ચો.મી.માં તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવું ખાસ જરૂરી છે. હાલમાં આવું MSME ભવન અમદાવાદ ખાતે કાર્યરત છે. તેથી આ અંગે તાત્કાલીક ઘટતું કરશોજી.

**(૧૬) વિવિધ સરકારી કચેરીઓ એક જ પ્રિમાઈસીસમાં બનાવવા બાબત.**

સરકારની વિવિધ કચેરીઓ CGST/SGST/MSME/LABOR/DIC વિગેરેને વિશાળ જગ્યામાં એક જ પ્રિમાઈસીસમાં બનાવવી. જેથી કરીને લોકોને કોઈપણ જાતની મુશ્કેલી ન પડી શકે. તો આ બાબતે યોગ્ય કરશોજી.

**(૧૭) રાજયમાં જંત્રીના ભાવ વધતા સ્ટેમ્પ ડયુટી ૫% ને બદલે ૨% કરવા બાબત.**

હાલમાં રાજય સરકાર દ્વારા જંત્રીના ભાવ લગભગ બમણા કરવાની જાહેરાત કરાયેલ અને તેનો તાત્કાલીક અમલ કરવા હુકમ કરવામાં આવેલ છે. તેથી જંત્રીના ભાવ વધતા સ્ટેમ્પ ડયુટી ૫% ને બદલે ૨% કરવા આપશ્રીને ખાસ અનુરોધ કરીએ છીએ.

**(૧૮) LT કેનકશનની મર્યાદા વધારવા બાબત.**

હાલ ઈન્ડસ્ટ્રીઝમાં વધતાં વીજ વપરાશને ધ્યાને લઈને LT કનેકશનની મર્યાદા ૧૫૦–૨૦૦ KVA સુધી કરવી જોઈએ. જો MSME અને SME નાં રોકાણ અને ઉત્પાદન મુલ્ય સ્લેબમાં વધારો થઈ શકતો હોય તો ઉદ્યોગોનાં વિકાસને ધ્યાનમાં રાખીને LT કનેકશનની મર્યાદા પણ વધારવી જોઈએ.

**(૧૯) લોધીકા ઔદ્યોગીક વસાહતને ગુ.પા.પુ. બોર્ડ દ્વારા મળતા પીવાનાં પાણીના બીલની આકારણી ઔદ્યોગીક વપરાશના દરને બદલે પીવાના પાણીના દરથી કરવા બાબત.**

રાજય સરકારની સીઆઈપી સહાગ યોજના હેઠળ લોધીકા ઔ. વસાહતમાં પાણી–પુરવઠા યોજના સાકાર થયેલ છે. વસાહતમાં પીવાના પાણીનો અન્ય કોઈ સ્ત્રોત ન હોય ગુ.પા.પુ. બોર્ડ દ્વારા એનસી–૨૦ પાઈપલાઈન માંથી ૧ એમએલડી પાણી કનેકશન આપવામાં આવેલ છે. આ કનેકશન માત્ર પીવાના પાણી માટે જ મંજુર થયેલ છે. આમ છતા ગુ.પા.પુ.બોર્ડ વસાહતને મળતા પીવાનાં પાણીના બીલની આકારણી ઔદ્યોગીક વપરાશના દરથી એટલે કે રૂા.૫૬.૫૯/– પ્રતિ કી.લી.નાં ઉંચા દરથી કરે છે. વધુમાં આ દરમાં દર વર્ષે ૧૦ ટકા જેવો વધારો કરવામાં આવે છે. પાણીના ઉંચા દર, પાણી વિતરણ માટે થતો વિવિધ ખર્ચ જેવો કે મરામત, જાળવણી, ઈલેકટ્રીસીટી, વિતરણ એજન્સી વગેરે જેવા ખર્ચને કારણે પાણીનો વિતરણ દર પ્રતિ કી.લી. રૂા.૯૯/–(+ જીએસટી) જેવો થાય છે. જે દર પીવાના પાણી માટે એમએસએમઈ માટે ખુબ જ વધારે ગણાય.

લોધીકા ઔ.વસાહતમાં હાલમાં કાર્યરત આશરે ૧૨૦૦ જેટલી ઈન્ડસ્ટ્રીમાં આશરે ૫૦૦૦૦ જેટલું માનવબળ કામ કરી રહયું છે. આટલા માનવબળને પીવા માટે જરૂરી પાણીના જથ્થાની સામે મંજુર થયેલ ૧ એમએલડી કનેકશન મારફત મળતું પાણી (આશરે ૮૦૦ કી.લી.પ્રતિ દિન) ઘણું અપુરતુ છે. આથી પીવાના પાણીનો ઔદ્યોગીક વપરાશ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉપરોક્ત કારણોસર લોધીકા ઔ. વસાહતની પાણી–પુરવઠા પ્રોજેકટની જાળવણી અને સંચાલનની કામગીરી કરતા એસોસીએશનએ ઘણીવાર રાજ્ય સરકારનાં પાણી–પુરવઠા વિભાગને પાણીનાં ઔદ્યોગીક વપરાશને બદલે પીવાના પાણીના દરથી બીલની આકારણી કરવા રજુઆત કરેલ છે. આથી આ રજુઆતનો વ્હેલીતકે સ્વીકાર થાય તે માટે યોગ્ય કરશોજી.

## (૨૦) રાજકોટ–કાલાવડ સ્ટેટ હાઈવે નં.૨૩ ની મરામત બાબત.

રાજકોટ–કાલાવડ સ્ટેટ હાઈવે નં.૨૩ પર રાજકોટ શહેરની હદથી આશરે ૧૦ કી.મી.નાં અંતરે આવેલ લોધીકા ઔદ્યોગીક વસાહત, શૈક્ષણીક સંસ્થાઓ, મનોરંજન કેન્દ્રો, પાર્ટી પ્લોટસ વગેરેને કારણે આ રોડ પર સતત ટ્રાફિક રહે છે. ઉપરાંત આ રોડ પર નવી ખીરસરા જીઆઈડીસી અને પીપરડી જીઆઈડીસી આવતા તેમજ છાપરા–આણંદપર સુધી ઔદ્યોગીક ઝોનના ઝડપથી થઈ રહેલ વિકાસને કારણે ટ્રાફિકમાં નોંધનીય વધારો થાય તે સ્વાભાવીક છે. આથી આ રોડ પર સરળ અને સલામત ટ્રાફિક રહે એ માટે...

(૧) આ રોડ પર મોટા મવા થી ખીરસરા સુધી આવેલ છ માર્ગીય રોડ પર વિરડા વાજડી પેટ્રોલપંપ પાસે અને વડ વાજડી ગામ પાસે ૪ માર્ગીય રોડ રહી ગયેલ છે. આથી આ બન્ને જગ્યાએ રોડની પહોળાઈ વધારવી જરૂરી છે. જેથી અકસ્માત થવાની સંભાવના ઘટી શકે.

(૨) આ રોડની સરફેસ પર તેમજ પુલ પર ઘણી જગ્યાએ ધોવાણ થયેલ છે તેમજ ગાબડા પડેલ છે. આ રોડ પર છેલ્લે રીપેરીંગ/નવો રોડ થયાને આશરે ૫ વર્ષ જેવો સમય થયેલ હોય રોડની સ્થિતી વધુ ખરાબ થાય તે પહેલા રીપેરીંગ/નવો રોડની મરામત થાય તે જરૂરસ છે. જેથી ટ્રાફિક સરળ બને.

## (૨૧) નવા રીંગ રોડ–૨ અને રાજકોટ કાલાવડ સ્ટેટ હાઈવેનાં ક્રોસીંગ (કટારીયા ચોકડી) પાસે ફલાય ઓવરબ્રીજ બનાવવા બાબત.

રાજકોટ–કાલાવડ સ્ટેટ હાઈવે નં.૨૩ની બન્ને બાજુએ થયેલ ઝડપી વિકાસને કારણે નવા રીંગ રોડ–૨ કટારીયા ચોકડી રાજકોટ પાસે ખુબ જ ટ્રાફિક સમસ્યા સર્જાય છે. જગ્યાનાં અભાવે રોડની પહોળાઈ વધારવાની મર્યાદાને કારણે રોજ બરોજ વધતા ટ્રાફિક સમસ્યાનાં નિવારણ માટે ફલાય ઓવરબ્રીજનું નિર્માણ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. આથી બાકી રહેતી નવા રીંગરોડ–૨ ની કામગીરીની સાથે સાથે કાલાવડ સ્ટેટ હાઈવે (કટારીયા ચોકડી) પાસે થતા ક્રોસીંગ પાસે ફલાય ઓવરબ્રીજનું નિર્માણ કરવા સુચન છે. આ તબકકે આ સુચનનો અમલ થયે આ કામગીરી માટે સમય, ખર્ચ અને અમલીકરણમાં પણ ઘણી રાહત રહેશે.

રાજકોટ–કાલાવડ રોડ પર થઈ રહેલ વિવિધલક્ષી વિકાસને ધ્યાનમાં રાખી અગાઉ એસોસીએશન દ્વારા વર્ષ ૨૦૧૬ માં પણ અધ્યક્ષશ્રી રૂડાને સુચિત જગ્યાએ ઓવરબ્રીજ બનાવવા માટે રજુઆત કરેલ. નેશનલ હાઈવે પર ગોંડલ ચોકડી તેમજ શાપર વેરાવળ ચોકડી પાસે ઉભી થયેલી ટ્રાફિક સમસ્યા અને તેના સોલ્યુશન માટે થયેલ વિલંબ તેમજ રાહદારીઓએ જોવી પડતી રાહનું ઉદાહરણ ધ્યાને લઈ આવી પરિસ્થિતીનું નિર્માણ રાજકોટ–કાલાવડ રોડ પર ન થાય તે માટે આ સુચન પર વિચારણા કરી સત્વરે અમલ થાય તે માટે યોગ્ય કરશોજી.

**(૨૨) ઉદ્યોગને પુરતુ પાણી મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા જરૂરી વ્યવસ્થા ઉભી થવા બાબત.**

સૌરાષ્ટ્ર ઝોનમાં આધારભુત પાણીનો સ્ત્રોત ન હોવાને કારણે પાણીની જરૂરીયાતને પહોંચી વળવા ઘણી ઈન્ડસ્ટ્રી જમીનમાંથી પાણી ખેંચતી હોય છે. આવી ઈન્ડસ્ટ્રીને CGWA દ્વારા નોટીસ આપવામાં આવે છે. હવે જયારે CGWA દ્વારા જમીનમાંથી પાણી ખેંચવા પર નિયંત્રણ લાવવામાં આવી રહયું છે અને NOC નો આગ્રહ રાખે છે ત્યારે પાણીના અભાવે ઔદ્યોગીક વિકાસ રૂંધાય નહી તે હેતુસર ઉદ્યોગને પુરતુ પાણી મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા જરૂરી વ્યવસ્થા ઉભી થાય તે માટે યોગ્ય કરશોજી.

**(૨૩) જીઆઈડીસીમાં બાઉન્ડ્રી માર્જીન છોડયા બાદ ૫૦% બાંધકામની મર્યાદા હટાવવા બાબત.**

ગ્રાઉન્ડ ફલોરમાં ચારેય બાજુ માર્જીન છોડયા બાદ ૧.૬ F.S.I. માં પણ બાંધકામ શકય હોય ત્યાં ૫૦% થી પણ વધીને મહતમ બાંધકામની પરવાનગી આપવી જોઈએ.

બાઉન્ડ્રી માર્જીન છોડયા બાદ ૫૦% બાંધકામની મર્યાદા હટાવવી જોઈએ. આ અંગેનો જરૂરી સુધારો કરવો આવશ્યક છે.

**(૨૪) જી.આઈ.ડી.સી.માં ૫૦૦૦ ચો.મી. કે તેથી વધારે મોટા પ્લોટમાં ૮% કોમન પ્લોટની જગ્યા છોડવાની જોગવાઈ બાબત.**

આગાઉના પ્લોટ/શેડનું કુલ ક્ષેત્રફળ ૫૦૦૦ ચો.મી. થી ઓછું હોય અને એડજોઈનીંગ/એકકાત્રીકરણ થયા પછી શેડ/પ્લોટનું કુલ ક્ષેત્રફળ ૫૦૦૦ ચો.મી. થી મોટું થતું હોઈ તો આ સંજોગોમાં શેડ/પ્લોટનું ક્ષેત્રફળના ૮% COP (કોમન પ્લોટ) જગ્યા છોડવી અશકય બને છે.

GIDC નિગમ દ્વારા પ્લોટ ફાળવણી સમયે કોમન પ્લોટ માટેની જગ્યા ફાળવવામાં આવે જ છે તો વ્યકિતગત પ્લોટ માટે ફરી આવી જોગવાઈ હોવી ન જોઈએ. આથી શેડ/પ્લોટનું ક્ષેત્રફળના ૮% COP (કોમન પ્લોટ) જગ્યા છોડવાના નિયમને તત્કાલ રદ કરવો.

**(૨૫) જીઆઈડીસીમાં બે પ્લોટ હોલ્ડર્સની ભાગીદારી પેઢી હેઠળ બન્ને પ્લોટનું એકત્રીકરણ કરવા માટે.**

જી.આઈ.ડી.સી. સ્થીત બે પ્લોટ હોલ્ડર્સની ભાગીદારી પેઢી હેઠળ બન્ને પ્લોટનું એકત્રીકરણ કરવા માટે જી.આઈ.ડી.સી.ની પોલીસીના નિયમ મુજબ કોઈ એક ભાગીદારની ૫૧% ભાગીદારી હોવી આવશ્યક છે, નહિ તો ટ્રાન્સફર ફી વધારે લાગે છે.

આવી અવ્યવહારૂ જોગવાઈ સત્વારે દુર કરવાની જરૂરીયાત છે કેમ કે ભાગીદારી પેઢીમાં ભાગીદારોનો શેર ગમે તે હોઈ શકે. આ કિસ્સામાં ટ્રાન્સફર ફી રદ કરવી જોઈએ.

**(૨૬) ઉદ્યોગકારો અને GIDC ના લાભાર્થે કોમર્શીયલ બાંધકામ/વપરાશની પરવાનગી અંગે.**

જે તે GIDC ને શહેર તરફ જોડતા મુખ્ય માર્ગે કે GIDC માં આવેલ મુખ્ય માર્ગો પર આવેલા પ્લોટ/શેડને કોમર્શીયલ હેતુ માટે ઉપયોગ કરવાની પરવાનગી આપવી જરૂરી છે કારણ કે કોઈપણ GIDC નજીકમાં બેન્ક, રેસ્ટોરન્ટ, ટુલ/હાર્ડવેર/મશીનરી સ્પેર પાર્ટસની દુકાનો વગેરે હોવી ખુબ જ આવશ્યક હોઈ છે. આથી ઉદ્યોગકારો અને GIDC ના લાભાર્થે કોમર્શીયલ બાંધકામ/વપરાશની પરવાનગી આપવાની જોગવાઈ કરાવી.

**(૨૭)** સોખડા ગામમાં આવેલ જય જલારામ ઈન્ડસ્ટ્રી એસ્ટેટ, રૂડા ટ્રાન્સપોર્ટ નગર પાછળ, ૧૫૦ ફુટના રીંગ રોડ નજીક આવેલ છે. જેમાં દરેક ઉદ્યોગકારોએ રૂડા કોર્પોરેશનને મોટી રકમમાં ડેવલોપમેન્ટ ચાર્જ પ્લાન પાસ કરતી વખતે ભરેલ છે. પરંતુ આ ઈન્ડસ્ટ્રી એસ્ટેટના રોડ–રસ્તાની હાલત દયજનક અને કાચા છે. જેને લીધે અવર–જવર કરવામાં અને માલનું ટ્રાન્સપોર્ટેશન કરવામાં કોઈ રાજી થતું નથી અને વધુ પડતા ઉંચા ભાડા ટ્રાન્સપોર્ટેશન માટે ચુકવી હેરનગતીનો સામનો કરવો પડે. આથી આ ઈન્ડસ્ટ્રી એસ્ટેટમાં રોડ–રસ્તાના પ્રશ્નનું યોગ્ય નિરાકરણ લાવવું.

**(૨૮)** સોખડા ગામના આસપાસના વિવિધ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારના ઉદ્યોગકારો દ્વારા કરોડોની રકમમાં લોકલ ટેક્ષ, હાઉસ ટેક્ષ, GST, ઈન્કમટેક્ષ જેવા ઘણાં બધા વેરાઓ સરકારમાં ભરે છે અને હજારો લોકોને રોજગારી પુરી પાડે છે. આ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પ્રાથમીક સુવિધા જેવી કે સ્ટ્રીટ લાઈટ, પાણી, ડ્રેનેજ, વગેરે કોઈપણ પ્રકારની સુવિધા ઉપલબ્ધ નથી. તેમજ આસપાસના વિસ્તારમાં આશરે ૨૦૦૦ ઉદ્યોગો આવેલ છે. પરંતુ એકપણ બેન્કની સુવિધા ઉપલબ્ધ નથી. જેથી સામાન્ય બેન્કના કામ માટે શહેર તરફ ડીલક્ષ ટોકીઝ, કુવાડવા રોડ સુધી જવું પડે છે. તેથી આ વિસ્તારના ઉદ્યોગકારોને તમામ પ્રાથમીક સુવિધા ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય કરવું.

**(૨૯)** સોખડા, નવાગામમાં આવેલ ઉદ્યોગોમાં હજારો વર્કરો કામ કરે છે. પરંતુ સરકારી ટ્રાન્સપોર્ટેશન જેવી કે સીટી બસની સુવિધા ઉપલબ્ધ નથી. તેથી સાત હનુમાન મંદિર સુધી સીટી બસનો લાભ મળે તે માટે યોગ્ય કરશોજી.

**(૩૦)** પી.જી.વી.સી.એલ. દ્વારા પુરી પાડવામાં આવતા વીજ સપ્લાયમાં જોવા મળતી કેટલીક ગંભીર ખામીઓ : છાપરા જીઆઈડીસી તેમજ કુવાડવા જીઆઈડીસી અને આસપાસમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર હેઠળ ૨૦ થી વધુ HT કનેકશનો આવેલા છે. તેમ છતાં દરરોજના ૨ (બે) ટ્રીપીંગ–પાવર વધઘટ તથા કેટલીક ગંભીર સમસ્યાઓને કારણે સમગ્ર ઉત્પાદન પ્રક્રિયામાં મુશ્કેલી પડે છે. એસોસીએશન દ્વારા આ બાબતે સંલગ્ન મંત્રીશ્રીઓ તથા અન્ય અધિકારીઓને રજુઆત કરેલ હોવા છતા યોગ્ય અને કાયમી નિરાકરણ આવેલ નથી.

**(૩૧)** છાપરા તથા આસપાસના વિસ્તારોમાં સ્કીલ્ડ લેબરની ખુબ જ અછત હોવાને કારણે સદર વિસ્તારમાં સરકારશ્રી દ્વારા સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરની સ્થાપના કરી અત્યાધુનીક ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ વધારવાની ખાસ જરૂરી છે.

સાથોસાથ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટના પુરતા તથા યોગ્ય નિકાલના અભાવને કારણે આવો વેસ્ટ દુર સુધી લઈ જવો પડે છે. ગ્રીન એન્વાયરમેન્ટના પરીપ્રેક્ષ્યના અનુસંધાને છાપરા આજુબાજુના વિસ્તારમાં વેસ્ટ કલેકશન સેન્ટર પુરૂં પાડવું.

**(૩૨)** છાપરા થી કાલાવડ રોડ તરફ જતો રસ્તો સાંકળો અને બે માર્ગીય હોવાને કારણે અવાર–નવાર અકસ્માતો તથા અન્ય ટ્રાફિક સંલગ્ન હાડમારીઓ ભોગવવી પડે છે. છાપરાથી આગળનો રસ્તો ૪–૬ લેન છે પરંતુ કાલાવડ તરફનો રસ્તો ખુબ જ સાંકળો હોવાથી તાત્કાલીક ૪ માર્ગીય બનાવવો તેમજ યોગ્ય અને પુરતી સ્ટ્રીટ લાઈટ સુવિધા પુરી પાડવી.

# પ્રાકૃતિક ખેતી

કેન્દ્ર સરકારે પ્રાકૃતિક ખેતી માટે પોતાના બજેટમાં વિશાળ સ્કોપ ઉભો કરેલ છે. જેને ધ્યાનમાં રાખી અને રાજય સરકારે પણ પ્રાકૃતિક ખેતી અંગે ખુબ જ મોટી સંખ્યામાં વિશાળ દિલથી સુવીધાઓ આપવી જરૂરી છે. પ્રાકૃતિક ખેતીના આપણા ગુજરાત રાજયના રાજયપાલશ્રી આચાર્ય દેવ્રતજી હિમાયતી છે અને સાચા પણ છે. તે વાત ખરી છે. અત્યારના હાલના સંજોગોમાં ખેતીમાં વધુ ઉત્પાદન લેવા કે ખેત ઉત્પાદન બચાવવા વધુમાં વધુ પ્રેસ્ટીસાઈડનો ઉપયોગ થાય છે. જે હેલ્થ માટે અતી જોખમી ગણાય. આમાંથી બચવાનો એક માત્ર માર્ગ છે જે પ્રાકૃતિક ખેતી, હાલની ખેતીની પધ્ધતિ કરતા ૨૫% ખર્ચમાં થઈ શકે પણ જેમાંથી ૩ વર્ષ સુધી ઉત્પાદન લેવું કે વહેંચાણ કરવું અતી અઘરૂ હોય તેમજ નાના અને સીમાંત ખેડૂતોને માત્ર ૪–૫ વીઘા જમીનમાં તેમનું ભરણપોષણ, વ્યવહારીક ખર્ચાઓ, શૈક્ષણિક તેમજ સામાજીક ખર્ચાઓ પણ વર્ષના અંતે કાઢ વાના થતા હોય. કોઈપણ નાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની શરૂઆતની નુકશાની સહન કરી શકે નહીં. માટે જો આપણા ગુજરાત રાજયમાં પ્રાકૃતિક ખેતીનો ખરા અર્થમાં વિકાસ કરવો હોય તો આની શરૂઆત નાના અને સીમાંત ખેડૂતોથી કરી શકાય. આમ પ્રાકૃતિક ખેતી માટે નીચે મુજબની સવલતો નાના ખેડૂતોને આપવી જરૂરી છે.

(૧) દરેક વિઘા દીઠ રૂા.૫૦,૦૦૦ હજારની વાર્ષિક સહાય રૂા.૫ લાખની માર્યાદામાં આપવી.

(૨) MSP ભાવ નકકી કરી સરકારે તેમની ખરીદી કરવી.

(૩) સરકારે ખરીદ કરેલ જણસીનું પેમેન્ટ નાના ખેડૂતોને ૨૪ કલાકમાં મળે તેવી વ્યવસ્થા કરવી.

(૪) દરેક નાના ખેડૂતે બે ગીર ગાય રાખવી કે ખરીદવી ફરજીયાત કરવી. જેની ગાય દીઠ રૂા.૫૦,૦૦૦ હજારની સહાય સરકારે આપવી.

(૫) પાંચ ઢોર ઉછેર માટે દરેક ખેડૂતોને પોતાના ખેતર પર ગમાણ–છાપરૂ, પાણી માટેનો હોજ, સોલાર પેનલ યુનીટ તેમજ સોલાર વોટર પંપની ૧૦૦% લોનની સુવિધા કરવી.

(૬) સોલાર પંપ તેમજ સોલાર પેનલમાં સબસીડી આપવી તેમજ ડાયરેકટર ખેડૂતોના ખાતામાં જમા કરવી.

(૭) દરેક ખેડૂતોને પોતાના માલનો સ્ટોક કરવા માટે ફાર્મ, ગોડાઉન કે કોલ્ડસ્ટોરેજ માટે ૯૦% લોનની સુવિધા આપવી. તેમજ તેમા ૫૦% થી ૭૫% ની સબસીડી ડાયરેકટ ખેડૂતના ખાતામાં જમા કરવી.

નાના અને સીમાંત ખેડૂતો માટે ઉપરોકત સુવિધા કરવામાં આવે તો આ ખેડૂતો ૧૦૦% પ્રાકૃતિક ખેતી તરફ વળશે અને સરકારને બમણી આવકનું સ્વપ્નું સાકાર થશે અને "ગામડા સધ્ધર તો દેશ સધ્ધર" ખરા અર્થમાં પુરવાર સાબીત થશે.

(૮) ખેતી કરતા હવે તમામ ખેડૂતોને પોતાની ખેતીની જમીન પર મીની ઓઈલ મીલ, સ્પાઈસીસ મીલ, વેરહાઉસ, કોલ્ડસ્ટોરેજ, ફલોર મીલ, ફુડ પ્રોડકટની કોઈપણ આઈટમ કે એગ્રી પ્રોડકટનો વ્યવસાય કરવા માટે સરકારે સબસીડી તેમજ ૧૦૦% લોનની સુવિધા પ્રાપ્ત કરવી જોઈએ.

(૯) સરકાર દ્વારા સીંગતેલની ખરીદી ડાયરેકટ ખેડૂત ખાતેદારો પાસેથી જ કરવી જોઈએ.

(૧૦) જે ગામડાઓમાં ખેતી માટે નર્મદાનું પાણી નથી મળતું ત્યાં તાત્કાલીક પાણી પુરૂ પાડવું જેથી ઉત્પાદન બમણું થઈ શકે.

(૧૧) કોઈપણ કો–ઓપરેટીવ યુનીટ / FPO / નહી નફો નહી નુકશાનના ધોરણે ખેડૂતોની ડાયરેકટર માલની ખરીદી કરવી ત્યારબાદ આ સંસ્થાઓ દ્વારા સરકારે ખરીદી કરવી. જેથી ખેડૂતોને ભાવ પુરા મળે અને માલની સપ્લાય ઘટે નહી જો કોઈપણ ખેડૂત પોતાનું ઉત્પાદન બીજા દેશમાં ડાયરેકટ એકસપોર્ટ કરે તો ૧૦% ઈન્સેન્ટીવ ખેડુતોને આપવા ખાસ વ્યવસ્થા ઉભી કરવી.

(૧૨) ખેત ઉત્પાદન દ્વારા પાકની લળણી બાદ વધારાનો કચરો નિકળતો હોય, જેમાંથી આ વેસ્ટમાંથી બેસ્ટ કેમ બનાવાય તેને ધ્યાનમાં રાખી સરકારે મદદ કરવી જોઈએ. જેથી ખેડુતોને વેલ્યુ એડીશન કોસ્ટ મળી શકે.

(૧૩) ખેતીના તમામ ઓઝારની સબસીડીમાં પુરતો વધારો કરવો જરૂરી છે. જેથી ખેડુતને ફાયદો થાય અને આ સબસીડી ખેડુતોના ખાતામાં ડાયરેકટ જમાં થાય.

(૧૪) કોઈપણ ખેડુત પોતાની આગવી સુઝબુઝથી ડિફેન્સ કે એરોસ્પેસને લગતા કોઈપણ ઓઝાર બનાવે તો સરકારે ૧૦૦% તેમને સહાય કરવી જોઈએ.

(૧૫) ખેડુતોને ટ્રાન્સપોર્ટના વાહનોમાં ૫૦% સબસીડી આપવામાં આવે તો ખેડુત પોતે જ વોકલ ફોર લોકલ બની શકે.

(૧૬) અવરનેશ માટે ખેડુત શિબીર, મેળા, અકેઝીબીશન કરવા જેનો સંપુર્ણ ખર્ચ સરકાર ભોગવે તેમજ દરેક જીલ્લા સ્થળે કન્વેન્સશન સેન્ટર એગ્રી પરપઝ માટે ખોલવામાં આવે અને દર વર્ષે જીલ્લા વાઈસ ૧૦૦ ખેડુતોને શિબીરમાં એવોર્ડાઈઝ કરવામાં આવે અને આવા ખેડુતોનું કરજ સંપુર્ણપણે માફ કરવામાં આવે.

(૧૭) ખેડૂતોની જમીનની લાગુ જમીન જે સરકારી હોય જે પાંચ વર્ષથી ખેડૂતો પાસે કબ્જો હોય તો આવી જમીન ભરતી ભરણીમાં ખેડૂતોને જંત્રીના ૨૫% રકમ વસુલી રેગ્યુલાઈઝ કરી આપવી. જેથી સરકારને આવી બંજર જમીનનું વળતર પણ મળે અને આવકમાં વધારો થાય અને આવી જમીનમાં થતા દબાણો બંધ થાય તેમજ કોર્ટ કેસના કબાળાનો સમય બચે. આવી જમીન દરેક ખેડૂતોને વધુમાં વધુ પાંચ એકર સુધી આપવી જોઈએ. ત્યારબાદ બીજા વધારાની પાંચ એકર જમીન ખેડૂતોને બજાર કિંમતે આપવી. દરેક ખેડૂતોને ૧૦ એકર જમીન આપી શકાય. આના પાવર મામલતદાર, કલેકટર કે ડેપ્યુટી કલેકટરને આપવા. હાલમાં મીલ્ક કો–ઓપરેટીવ મંડળી કે જુથ સહકારી સેવા મંડળીને સરકાર જંત્રીના ૨૫% ના દરે જગ્યા ફાળવે છે. જે આપની જાણ માટે.

(૧૮) રેલ્વે ટ્રેકની બંને બાજુ ઘણી જગ્યા ફાજલ રહેતી હોય આવી જગ્યા બીન ખાતેદારોને ખેતી કરવાના ઉપયોગથી ભાડા પટ્ટેથી આપવી. જેથી તેને રોજી રોટી મળી શકે અને સરકારને પણ આવક થાય.

(૧૯) કેન્દ્ર સરકાર ડિફેન્સ તેમજ અરોસ્પેસને એટલું પીઠબળ આપી રહી છે. તો સરકારે ડિફેન્સ અને એરોસ્પેસ માટે કોઈપણ જગ્યાએ ઉદ્યોગ કરવો હોય તો સરકારી જમીન ૨૫% થી આપવી જોઈએ. જેથી આ ઈન્ડસ્ટ્રીનો સર્વંગી વિકાસ ગુજરાતમાં થાય. જે માટે ઈન્ડસ્ટ્રી પોલીસી તેમજ ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસીમાં તાત્કાલીક સુધારો કરવો જરૂરી છે. જેથી આ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝનને પ્રાધાન્ય મળે.

(૨૦) ખેતી વિષયક જંત્રીમાં વિસંગતતાઓ દૂર કરી દર ૩ વર્ષે જંત્રી રીવાઈઝ કરવી જરૂરી છે. જંત્રી વધારાને બદલે જરૂર જણાય ત્યાં રાહત આપવી જરૂરી છે.

(૨૧) રેવન્યુ વિભાગમાં સરળીકરણ માટે ધરખમ સુધારા કરવા જરૂરી છે જેમા રેવન્યુ વિભાગ, મહેસુલ વિભાગ, શહેરી વિભાગના અધિકારીઓને સાથે રાખી તેમજ તટસ્થ તજજ્ઞોની ટીમની એક સંકલન સમીતી રાજય લેવલે બનાવી શકાય જેમા દરેક જીલ્લાને પ્રાધાન્ય આપી શકાય.

(૨૨) હાલમાં ૧૯૫૪ થી બીન ખેતી કરવામાં પ્રમોલગેશન માંગે છે જે માત્ર ૨૦ વર્ષના ખેડૂત ખાતેદારના પુરાવા લઈ ઓનલાઈન ખાતેદારનું પ્રમાણપત્ર આપી શકાય.

(૨૩) જમીના જુદા જુદા વિભાગ એટલે કે ૧) જુની શરતની જમીન ૨) નવી શરતની જમીન ૩) ટાવર્સ પૈકીની જમીન ૪) સાંથણી પૈકીની જમીન ૫) વીનોબા ભાવે અંતર્ગત જમીન આ તમામ જમીનને નાનુ એવુ પ્રિમીયમ લઈ તમામને એક માળખામાં મુકી શકાય. જેથી વહીવટી પ્રક્રિયામાં ૮૦% નો ફાયદો તેમજ સમય બચી શકે.

(૨૪) ભારત દેશ જયારે વિશ્વની મહાસતા તરફ જઈ રહયું છે. ત્યારે જમીનના ડોકયુમેન્ટ હાલમાં ફીઝીકલ સ્વરૂપે છે તેને ડિમેટ એકાઉન્ટમાં ફેરવીને પેપરલેશ વહીવટ કરી શકાય. જેથી જમીન અંગેના ઝઘડાનો અંત આવે સાથો સાથ સરકારને રેવન્યુ ફી ની જબરી આવક ઉભી થાય.

(૨૫) રાજકોટને હાઈકોર્ટ બેન્ચ આપવી ખાસ જરૂરી છે જે અંગે ગુજરાત પ્રિન્સીપાલ જજ, / રાજયના ગર્વનર / ગૃહ મંત્રાલય દ્વારા આ અંગે તાત્કાલીક ઘટતુ કરવું જરૂરી છે. ગુજરાત હાઈકોર્ટમાં મોટે ભાગે કેસ સૌરાષ્ટ્રના હોય સૌરાષ્ટ્રને અલગ હાઈકોર્ટ ફાળવી વર્ષોની માંગણી સંતોષવી જરૂરી છે.

(૨૬) જે લોકોની ઈન્ડસ્ટ્રીમાં આજુબાજુની જમીન છેલ્લા ૫ વર્ષથી વાપરતા હોય તો આવી જમીન તેની સરકાર રેસીડેન્ટ સુચિત સોસાયટી રેગ્યુલાઈઝ કરી તેમ સુચિત ઈન્ડસ્ટ્રી રેગ્યુલાઈઝ નોમીનલ ફી લઈને કરવી તેથી સરકારને પણ જબરી આવક થશે અને એન્ફોર્સમેન્ટ અટકશે. તેમજ નાનો ઉદ્યોગકાર આ જમીન ઉપર લોન લઈને ધંધો કરી વધુ રોજગાર આપી શકશે તેમજ ઉદ્યોગ જગતને ખુબ ફાયદો થશે.

(૨૭) ઔદ્યોગીક વસાહતોના પ્રશ્નોનું ઓપન હાઉસ જીલ્લા વાઈસ બોલાવી સ્થળ પર જ નિકાલ કરવો જરૂરી છે. જેથી ઉદ્યોગકાર પણ ખુશ અને સરકારને પણ સારી રેવન્યું મળે.

(૨૮) જીઆઈડીસીમાં ફાળવવામાં આવતી જમીનના ભાવ અત્યંત વધારે હોય તેમજ પ્રાઈવેટ જમીન નીચે ભાવે મળતી હોવાથી ભાવમાં ઘટાડો કરવો જરૂરી છે. જેથી માર્કેટ ભાવ તેમજ જીઆઈડીસીના ભાવમાં આવતી વિસંગતતા દુર થાય અને ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળે.

(૨૯) સરકાર દ્વારા ફાળવવામાં આવતી જમીનના ઉચા ભાવનાં હિસાબે સૌરાષ્ટ્રના ઘણાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અટકેલા છે જેમ કે ઈમીટેશન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, આઈ.ટી પાર્ક, ટોય પાર્ક, મેડીકલ ડીવાઈસ પાર્ક તેમજ અન્ય ઘણી જી.આડી.સી.ઓ ઝડપથી બનાવી શકાય.

(૩૦) ઈન્ડસ્ટ્રીયલ પાર્કને હજુ ઘણી ફાયનાન્સીયલ સુવિધા આપવી જોઈએ જેથી સરકારી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બને અને પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ઘટે અને રાજયના ઉદ્યોગોના વિકાસને વેગ મળે.

(૩૧) વન નેશન વન ટેક્ષને ધ્યાનમાં રાખીને GST અમલીકરણ થયું છે ત્યારે સર્વિસ ટેક્ષના જુના કેસો ઘણા ટાઈમથી પેન્ડીંગ છે અને સરકારની કરોડોની આવક અટકેલી છે. તેથી આ સર્વિસ ટેક્ષના જુના કેસમાં OTS પધ્ધતી અપનાવાથી સરકારને રેવન્યુની આવક ઉભી થશે અને ઈન્ડસ્ટ્રીઝ ટેન્શન ફ્રી બની ધંધો કરશે.

(૩૨) હાલમાં રાજકોટ શહેર નર્મદા ડેમના પાણી પર નિર્ધારીત હોય. પાણીના કાયમી નિરાકરણ માટે કુવાડવા રોડ પર બેટી ગામમાં આવેલ નદી ઉપર આજી–૧ જેવો વિશાળ ડેમ બાંધવાની મંજુરી આપવામાં આવે તેમજ આજી–૧ તથા ન્યારી–૧ માંથી સંપૂર્ણ પણે કાપ કાઢી સરકાર દ્વારા ખૂડતોને વિના મૂલ્યે આ કાપ તેના ખેતર સુધી પહોંચતો કરવામાં આવે તો ૧૦૦% આ બન્ને ડેમોની મૂળભૂત ઉંડાઈ થઈ શકે અને પાણીનો પુષ્કળ વ્યાપ વધી શકે.

આમ આ ત્રણ ડેમો દ્વારા રાજકોટ ના પાણીની કાયમી સમસ્યા દૂર થઈ શકે તેમજ આજુ બાજુના ખેડૂતોની ખેતી સમૃધ્ધ થઈ શકે અને મોદી સાહેબનું ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપ્નું સાકાર થાય તેમજ રાજકોટને નર્મદા ડેમના પાણીપર નિર્ભર રહેવું ન પડે અને આવનારા ૧૦ વર્ષ સુધી રાજકોટનો પાણી સમસ્યાનો ઉકેલ આવી શકે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.